पुणा International School

Shree Swaminarayan Gurukul, Zundal

# Class -VII

# GUJARATI

# Specimen Copy


# Year- 2020-21



# ગુજરાતી

## ધોરણ 5

(પ્રથમ સત્ર - દ્વિતીય સત્ર)




Scanned with CamScanner

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પૃષ્ઠ |
|---|---|---|
| 1 | ચબુતરો | |
| 2 | પર્વત તારા | |
| 3 | મહેનતનો રોટલો | |
| 4 | સુંદર – સુંદર | |
| 5 | શરદીનાં પ્રતાપે | |
| 6 | નર્મદામૈયા | |
| 7 | અલ્લક-દલ્લક | |

# પાઠ- 1 ચબુતરો



અઘરા શબ્દો

દયાળું

ચબુતરો

દાણાં

સીડી

છત

મુશ્કેલી

પાત્ર

પ્રેમથી

**શબ્દાર્થ**

દયાળું = ભલા

ચબુતરો = પક્ષીઓને ખાવા-પીવાનું મળી રહે તે જગ્યા

દાણાં = જુદા – જુદા પ્રકારનુ અનાજ

સીડી = નિસરણી

છત = ગરમી – ઠંડીથી રક્ષણ મળે તે માટે કરવામાં આવતી વ્યસ્થા.

મુશ્કેલી = તકલીફ

પાત્ર = વસ્તું

પ્રેમથી = સ્નેહથી

સાહિત્ય

નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) ચબુતરો કોના માટે બાંધવામાં આવ્યો હતો?

જ) ચબુતરો પક્ષીઓ માટે બાંધવામાં આવ્યો હતો.

2) ચબુતરામાં શું નાખવામાં આવે છે?

જ) ચબુતરામાં દાણાં નાંખવામાં આવે છે.

3) ચબુતરા ઉપર છત શા માટે બાંધવામાં આવે છે?

જ) પક્ષીઓને ખાવા-પીવાનું મળી રહે અને ગરમી – ઠંડીથી રક્ષણ મળે તે માટે ચબુતરા ઉપર છત બાંધવામાં આવે છે.

4) પંખીને પાણી પીવા માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે?

જ) પંખીને પાણી પીવા માટે એક પાત્રની વ્યવસ્થા કરવામાં આવી છે.

5) નિસરણીનો શો ઉપયોગ થતો હશે?

જ) નિસરણીનો ઉપયોગ પક્ષીઓને દાણાં – પાણી નાંખવા માટે થતો હશે.

6) ચિત્રમાં કયાં – કયાં પ્રાણીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે?

જ) ચિત્રમાં ગાય ,બકરી , કૂતરો જેવા પ્રાણીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) ચબુતરા વિશે ચાર – પાંચ વાક્યો લખો.

જ) ચબુતરો દરેક ગામમાં હોય છે. ચબુતરો પક્ષીઓને દાણાં નાંખવા માટે બનાવાય છે. લોકો દાનમાં ચબુતરા બંધાવે છે.ચબુતરો ગામની વચ્ચે હોય છે. ચબુતરામાં દાણાં – પાણી નાંખવામાં આવે છે.

વ્યાકરણ

નીચેના સમાનાર્થી શબ્દો લખો.

1) લોકો = દયાળું
2) દયાળું = પ્રેમાળ
3) ખૂબ = વધારે
4) પ્રેમથી = સ્નેહથી
5) સીડી = નિસરણી
6) મુશ્કેલી = તકલીફ
7) પાત્ર = સાધન
8) ખુશ = આનંદી

નીચેના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

1) ગામ શહેર
2) દયાળું ક્રુર
3) નાના મોટા
4) થોડું વધારે
5) ઉંચો નીચો


નીચેના શબ્દોની જોડણી સુધારો.

1) દયાળૂ - દયાળું
2) ખૂબ - ખુબ
3) સિડી - સીડી

4) મુસ્કેલ - મુશ્કેલ

5) પક્ષિ - પક્ષી

## કાવ્ય – 2 પર્વત તારા


CS Scanned with CamScanner

અઘરા શબ્દો

પર્વત

પહોળા

આંખ

ઈશ્વર

વિશાળું

સરવર

ખંભા

રળિયાત

તરણું

શબ્દાર્થ

પર્વત - પહાડ

પહોળા - વિશાળું

આંખ - નયન

ઈશ્વર - ભગવાન

વિશાળું - મહાન

સરવર - સરોવર

ખંભા - ખભા

રળિયાત - સુંદર

તરણું - તણખલું

સાહિત્ય

નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) કવિ પ્રકુતિમાં કોના દર્શન કરે છે?

જ) ) કવિ પ્રકુતિમાં ઈશ્વરનાં દર્શન કરે છે.

2) કવિ કોને ભગવાનની આંખ ગણે છે?

જ) કવિ સરોવરને ભગવાનની આંખ ગણે છે.

3) ઈશ્વર સંતાકૂકડી ક્યાં રમી રહ્યો છે?

જ) ઈશ્વર સંતાકૂકડી મેઘધનુષ્યનાં રંગોમાં રમી રહ્યો છે.

4) ઈશ્વર કયાં સ્વરૂપે સોગાદ આપે છે?

જ) ઈશ્વર  ફૂલોની સુગંધ અને તેમના રંગો સ્વરૂપે સોગાદ આપે છે.

5) હોડીને કોણ હંકારતુ હશે?

જ) હોડીને ભગવાન હંકારતુ હશે.

**વ્યાકરણ**

નીચેના સમાનાર્થી શબ્દો લખો.

1) આંખ = નેત્ર

2) દરિયો = સાગર

3) નાદ = અવાજ

4) વૃક્ષ = ઝાડ

5) ફૂલ = પુષ્પ

નીચેના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

1) પહોળું સાંકડું

2) વિરાટ વામન

3) નજીક દૂર

4) અંધારુ અજવાળું

5) લાડ ધિક્કાર

ઉદાહરણ પ્રમાણે કાવ્યમાંના શબ્દને પ્રાસમાં બેસાડો.

1) વાત - રળિયાત

2) નાદ - સોગાદ

3) તમરો - ભમરો

4) સૂર - દૂર

5) વહે - કહે

નીચેના રૂઢિપ્રયોગના અર્થ આપો.

1) વિશાળ દિલના હોવું – ઉદાર હોવું

2) તારણહાર હોવું - ઉધ્ધારક હોવું

# પાઠ – 3 મહેનતનો રોટલો



અઘરા શબ્દો

પગરખા

નવાઈ

મૂળમાં

પરમ દિવસે

ઢિલ

વાયદો

બેફિકર

પ્રામાણિકતા

પારખતા

શબ્દાર્થ

પગરખા = પગનું રક્ષણ કરનારા

નવાઈ = આશ્ચર્ય

મૂળમાં = પહેલાથી

પરમ દિવસે = આજના બે દિવસ પછી

ઢિલ = મોડું

વાયદો = મુદત

બેફિકર = ચિંતા કરશો નહિ

પ્રામાણિકતા = ઈમાનદારી

પારખતા = ઓળખતા

સાહિત્ય

નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) મોચી ભગત સ્વભાવે કેવા હતા?

જ) મોચી ભગત સ્વભાવે પ્રામાણિક હતા.

2) મોચી પરચુરણ લેવા જવાનું કહે છે ત્યારે સાધુ શું કહે છે?

જ) મોચી પરચુરણ લેવા જવાનું કહે છે ત્યારે સાધુ કહે છે કે , રહેવા દો ભગત , એટલા પૈસાની આપણા તરફથી તમાકુ પીજો.

3) મોચીભગત નવા ઓજારો ક્યારે વસાવી શક્યા?

જ) મોચીભગત નવા ઓજારો બાર મહિના પછી વસાવી શક્યા.

4) માણસના હાથ – પગ વિશે મોચી ભગત શું માને છે?

જ) માણસના હાથ – પગ વિશે મોચી ભગત માને છે કે , “ ભગવાને હાથપગ કઈ બેઠા – બેઠા ખાવા માટે નહિ, કામ કરવા આપ્યા છે.”

5) છેલ્લે મોચીભગત સાધુ વિશે શુ કહે છે?

જ) છેલ્લે મોચીભગત સાધુ વિશે કહે છે કે ,” આપ ખરા સાધુ! “ .

નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) સાધુને ક્યારે નવાઈ લાગી ?

જ) ઘણા સમય પછી સાધુ જ્યારે મોચીને મળ્યો ત્યારે મોચીએ સાધુને કહ્યુ” ઓજાર બગાડી ગયા હતા તે ને તમે સાધુ મહારાજ ! “ ત્યારે સાધુને નવાઈ લાગી.

2) મોચીની પ્રામાણિક્તાનો બદલો સાધુએ કેવી રીતે વાળ્યો?

જ) મોચીની પ્રામાણિક્તાનો બદલો સાધુએ મોચીનાં ઓજારો સોનાના બનાવીને વાળ્યો

3) મોચીને ક્યારે દુ: ખ થયુ?

જ) મોચીને દુ: ખ ત્યારે થયુ જ્યારે સાધુ મહારાજે લોખંડના ઓજારો સોનાના બનાવી દીધા.

વ્યાકરણ

નીચેના વાક્યો કોણ બોલે છે તે લખો.

1) “ મારી પાસે સીવેલાં તૈયાર નથી.”

જ) આ વાક્ય મોચી ભગત બોલે છે.

2) “ બેફિકર રહો મહારાજ , વાયદો નહિ ચુકું “.

જ) આ વાક્ય મોચી ભગત બોલે છે.

3) " હરામનો પૈસો મને ન ખપે."

જ) આ વાક્ય મોચી ભગત બોલે છે.

4) " આ કાચી દુકાનને પાકી કરો."

જ) આ વાક્ય સાધુ મહારાજ બોલે છે.

નીચેના સમાનાર્થી શબ્દો લખો.

1) પગ = ચરણ

2) નવાઈ = આશ્ચર્ય

3) કિંમત = મૂલ્ય

4) દુનિયા = વિશ્વ

5) ઓજાર = સાધન

6) આનંદ = ખુશી

નીચેના શબ્દોના વિરૃધ્ધાર્થી શબ્દો લખો.

1) પ્રામાણિક અપ્રામાણિક

2) જૂઠું સાચુ

3) વિશ્વાસ અવિશ્વાસ

4) ફિકર બેફિકર

5) વેચવું ખરીદવું

6) સદુપયોગ દુરુપયોગ

# નિબંધ

# સાબરમતી આશ્રમની મુલાકાત

સાબરમતી આશ્રમ અમદાવાદમાં સાબરમતી નદીકિનારે આવેલો છે. તેની સ્થાપના ગાંધીજીએ કરી હતી.

ગયા રવિવારે હું મારા પપ્પા સાથે સાબરમતી આશ્રમની મુલાકાતે ગયો હતો. આશ્રમમાં પ્રવેશતાં જ અમને આશ્રમનું શાંત વાતાવરણ ગમી ગયું. ત્યાંની સ્વચ્છતા ઊડીને આંખે વળગે તેવી હતી. ગાંધીજી જ્યાં રહેતા હતા તે ખંડ જોવા અમે ગયા. તેને 'હૃદયકુંજ' કહે છે. તેમાં ગાંધીજીનો રેંટિયો, પોશાક અને બીજી વસ્તુઓ મૂકેલી છે. અહીં ગાંધીજી 1930 સુધી રહ્યા હતા. 1930ના માર્ચ મહિનાની છઠ્ઠી તારીખે તેમણે અહીંથી મીઠાના સત્યાગ્રહ માટે દાંડીની યાત્રા શરૂ કરી હતી. અહીં દેશવિદેશના અનેક મહાપુરુષો ગાંધીજીને મળવા આવતા અને આશ્રમમાં રહેતા. પછી અમે પ્રાર્થનાસ્થળ જોયું. અહીં ગાંધીજી સવાર-સાંજ નિયમિત પ્રાર્થના કરતા હતા. અનેક લોકો આ પ્રાર્થના-સભામાં જોડાતા.

પછીથી અમે આશ્રમનું પુસ્તકાલય અને પ્રદર્શનખંડો જોવા ગયા. પ્રદર્શન ખંડમાં આઝાદીની લડતના અનેક ફોટોગ્રાફ્સ છે. મને આ ફોટોગ્રાફ્સ જોવામાં ઘણો રસ પડ્યો. મને ગાંધીજીના અક્ષર પણ જોવા મળ્યા. તેમણે લખ્યું હતું 'મરતાં પણ સત્ય ન છોડવું.' મારા પપ્પાએ મને દરેક ફોટોગ્રાફનો પરિચય કરાવ્યો અને સમજાવ્યું કે એ મુઠ્ઠી હાડકાંના માનવીમાં કેવી તાકાત હતી! અમે પુસ્તકાલયમાં કેટલાંક પુસ્તકો જોયાં અને ખરીદ્યાં. ત્યારબાદ અમે આશ્રમનાં અન્ય સ્થળો પણ જોયાં. અહીં નદીકિનારે ઘાટ બનાવેલો છે. ત્યાં અમે થોડો સમય બેઠા. ત્યાં મારા પપ્પાએ મને ગાંધીજીના જીવનના કેટલાક પ્રસંગો કહ્યા.

દેશ-પરદેશના અનેક લોકો ગાંધીઆશ્રમની મુલાકાતે આવે છે. તેઓ અહીં આવીને ધન્યતા અનુભવે છે. અમે આજે એવા ઘણા મુલાકાતીઓ જોયા.

અહીં 'ધ્વનિ અને પ્રકાશ શો' પણ થાય છે. પરંતુ અમે તે જોવા રોકાયા હતા. આમ, અમારો આજનો દિવસ 'અનેરા આનંદનો દિવસ' હતો.

CS Scanned with CamScanner

# રવિશંકર મહારાજ

રવિશંકર મહારાજનો જન્મ ઈ. સ. 1884ના ફેબ્રુઆરીની 25 તારીખે એમના મોસાળ ખેડા જિલ્લાના રઢુ ગામમાં થયો હતો. એમના પિતા પ્રાથમિક શાળામાં શિક્ષક હતા. એમનાં માતા ભણેલાં ન હતાં.

બાળપણથી જ રવિશંકર મહારાજ ખૂબ મહેનતુ હતા. કામ કરવામાં તેમને જરાય આળસ નહિ. તેઓ ખેતીનું બધું કામ ઉમંગથી કરતા. મહોલ્લામાં કોઈ પાડોશીને કાગળ લખવો હોય તો તે હોંશે હોંશે લખી આપતા અને ટપાલપેટીમાં નાખી આવતા. તેઓ તેમની માતાને રામાયણ અને મહાભારત વાંચી સંભળાવતા. તેઓ કુશળ તરવૈયા પણ હતા. એક વાર તેમણે વાત્રક નદીના પૂરમાં તણાતા ત્રણ યુવાનોને બચાવ્યા હતા.

મોટા થતાં રવિશંકર મહારાજ ગાંધીજીના રંગે રંગાયા. રવિશંકર મહારાજે પોતાનું જીવન દેશસેવા અને લોકસેવાનાં કાર્યોમાં અર્પણ કરી દીધું હતું. તેમણે અભણ લોકોને અક્ષરજ્ઞાન આપવાનું કાર્ય કર્યું. તેમણે બહારવટિયાઓને સુધારવાનું કામ કર્યું. ગુજરાતમાં કે દેશના કોઈ પણ ભાગમાં દુષ્કાળ હોય, નદીઓમાં પૂર આવ્યાં હોય, રોગચાળો ફાટી નીકળ્યો હોય કે કોમી રમખાણ થયું હોય ત્યારે રવિશંકર મહારાજ લોકોની મદદે અચૂક દોડી જતા.

રવિશંકર મહારાજ સાદું જીવન જીવતા. તેઓ ઓછામાં ઓછી વસ્તુઓથી ચલાવતા. ટૂંકું ધોતિયું, કેડિયું અને ટોપી એ એમનો પહેરવેશ. ખભે લટકતી થેલીમાં તેઓ બે જોડ કપડાં રાખતા. મોટે ભાગે પગે ચાલીને તેઓ ગામેગામ ફરતા અને લોકસેવાનાં કામ કરતા.

રવિશંકર મહારાજ પોતાનાં કાર્યોની કદી જાહેરાત કરતા નહિ. આથી તેઓ 'મૂકસેવક' કહેવાયા. તેઓ જે કામ હાથમાં લેતા, તેને ખંતથી પૂરું કરતા. ગુજરાત તેમને 'પૂજ્ય દાદા'ના વહાલસોયા નામથી ઓળખે છે. તેમણે સો વર્ષનું લાંબું આયુષ્ય ભોગવ્યું હતું.

CS Scanned with CamScanner

# કાવ્ય - 4 સુંદર સુંદર



## અઘરા શબ્દ

સુરજ
ચાંદો
સરિતા
ઉષા
નિશા
વન
ઉપવન
ગિરિવર
વિભુ
મુજ

શબ્દાર્થ

| | | |
|---|---|---|
| સુરજ | = | સૂર્ય |
| ચાંદો | = | શશિ |
| સરિતા | = | નદી |
| ઉષા | = | સવાર |
| નિશા | = | રાત્રિ |
| વન | = | જંગલ |
| ઉપવન | = | બગીચો |
| ગિરિવર | = | પર્વત |
| વિભુ | = | ભગવાન |
| મુજ | = | મને |

સાહિત્ય

નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) આકાશમાં શું – શું સુંદર દેખાય છે?

જ) આકાશમાં સૂરજ , ચાંદો , તારા , સુંદર દેખાય છે.

2) કવિના મનમાં બધુ જ સુંદર જોઈને શો વિચાર આવે છે?

જ) કવિના મનમાં બધુ જ સુંદર જોઈને વિચાર આવે છે કે " આ સુંદરતાનુ સર્જન કરનાર ભગવાન કેવા હશે?.

3) ‘ પરોઢ અને રાત સુંદર છે ‘ – કાવ્યની કઈ પંક્તિમાં આ ભાવ વ્યક્ત થયો છે?

જ) ‘ પરોઢ અને રાત સુંદર છે ‘ – આ ભાવ “ ઉષા સુંદર નિશા સુંદર “ પંક્તિ દ્વારા વ્યક્ત થયો છે.

4) ધરતી પર શું – શું સુંદર દેખાય છે?

જ) ધરતી પર સરિતા અને સરોવર , સવાર અને રાત્રી , વન ,ઉપવન , ગિરિવર ,માછલી , પંખી , સમીર તેમજ માનવહૈયું સુંદર દેખાય છે.

**વ્યાકરણ**

## શબ્દજોડકા બનાવો.

1) સૂરજ - ચાંદો
2) સરિતા - સરોવર
3) ઉષા - નિશા
4) વન - ઉપવન
5) માછલી - પંખી
6) ધરતી - સમીર

નીચેના શબ્દ માટે કાવ્યમાં કયો શબ્દ પ્રજાયો છે તે લખો.

1) સૂર્ય - સૂરજ
2) જંગલ - વન
3) પવન - સમીર
4) આકાશ - નભ
5) પ્રભુ - વિભુ
6) કાવ્ય - કવિતા

નીચે આપેલા શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો.

1) નિશા , પંખી , ઉપવન , ગિરિવર , માછલી , ધરતી.

જ) , ઉપવન , , ગિરિવર , ધરતી , નિશા , , પંખી , માછલી.

# પાઠ – 5 શરદીના પ્રતાપે



CS Scanned with CamScanner

અઘરા શબ્દો

સદગૃહસ્થ

ઈંદ્રિય

કંઠ

પક્ષપાત

અશક્ત

તસ્દી

કોકો

ડોકું

અલબત

મહેરબાન

નિશ્ચય

શબ્દાર્થ

સદગૃહસ્થ - સજ્જન

ઈંદ્રિય - વિષયનું જ્ઞાન કરાવનાર શરીરનુ અંગ

કંઠ - ગળું

પક્ષપાત - તરફદારી

| | |
|---|---|
| અશક્ત | - નબળું |
| તસ્દી | - તકલીફ |
| કોકો | - એક ઝાડના બીજની ભુકી |

| | |
|---|---|
| ડોકું | - ગરદન |
| અલબત | -જોકે |
| મહેરબાન | - કૃપાવંત , હિત અને ભલુ ઈચ્છનાર |
| નિશ્ચય | - નિર્ણય |

સાહિત્ય

નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) ગળે પડવાની ટેવ કઈ બીમારીને વધારે હોય છે?

જ) ગળે પડવાની ટેવ શરદીની બીમારીને વધારે હોય છે.

2) લેખક્ને આવકાર આપતાં સદગૃહસ્થ ક્યું વાક્ય બોલે છે?

જ) લેખક્ને આવકાર આપતાં સદગૃહસ્થ આ વાક્ય બોલે છે: " ઓહો! આજ કંઈ આ તરફ ? કેમ તબિયત તો સારી છે ને?"

3) લેખકે કોકોની વાત વખતે ડોકું શા માટે હલાવ્યુ?

જ) લેખકે કોકોની વાત વખત ડોકું હલાવ્યું , કારણ કે જો પોતે મોઢેથી બોલશે તો ચા અને કોફીની જેમ કોકોય ગુમાવશે.

નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર જવાબ લખો.

1) લેખક્ને પેલા સજ્જ્ન વિશેની કઈ વાતની ખબર ન હતી?

જ) લેખક્ને પેલા સજ્જ્ન વિશેની એ વાતની ખબર ન હતી કે પેલા સજ્જ્નની બીજી ઈંદ્રિયો કરતાં કાન કંઈક ઓછું કાર્ય કરે છે.

2) લેખક સજ્જનને મળે છે તે વખતની બંનેની સ્થિતી કેવી હતી?

જ) લેખક સજ્જનને મળ્યા તે વખતે લેખકનો અવાજ ઠેઠ ઊંડો ઉતરી ગયેલો હતો અને એ સજ્જનના કાન શરદીના કારણે વધારે અશક્ત બન્યા હતા.

3) સજ્જનને સમજવામાં કંઈક ભૂલ કરી છે તેવુ લેખકને ક્યારે લાગ્યુ?

જ) લેખક જ્યારે સજ્જનને મળે છે ત્યારે લેખકને પૂછે છે કે કેમ તબિયત તો સારી છેને ? ત્યારે સજ્જન કઈક અલગ જ જવાબ આપે છે ત્યારે લેખકને ખબર પડે છે કે જરૂર સજ્જનને સમજવામાં કંઈક ભૂલ કરી છે.

વ્યાકરણ

નીચેના શબ્દોના જોડણી સુધારો.

1) ગૃહસથ - ગૃહસ્થ
2) સ્થીતી - સ્થિતિ
3) તબિઅત - તબિયત
4) સૂલોચના - સુલોચના
5) નિચ્છ્ય - નિશ્ચય

નીચેનાના સમાનાર્થી શબ્દો લખો.

1) ખબર = જાણ
2) પક્ષપાત = તરફદારી
3) તસ્દી = તકલીફ
4) આનંદ = ખુશી
5) આખરે = છેલ્લે
6) ઉતાવળ = જલ્દી

નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

1) શક્તિ અશક્તિ
2) વિચાર કુવિચાર
3) સત્ય અસત્ય
4) પાત્ર કુપાત્ર
5) ટેવ કુટેવ
6) શક્ય અશક્ય
7) સંપ કુસંપ
8) સંગ કુસંગ

નીચેની ખાલી જગ્યા પૂરો.

1) તે દિવસે હવા માં શરદી હતી.
2) તમે ચા નથી પીતા તે ધણું સારું.
3) આ ઘર તમને ફાવે છે કે નહિ?
4) કેમ તબિયત તો સારી છે ને?

નીચે આપેલા શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.

છ) ટેવ , ઈંદ્રિય , શરદી , ઉધરસ , ભૂલ .

જ) ઈંદ્રિય , ઉધરસ ,  ટેવ , ભૂલ , શરદી .

## પાઠ – 6 નર્મદામૈયા


Scanned with CamScanner

**અઘરા શબ્દો**

નર્મદા
ધસમસતી
રેવા
સ્ત્રોત
ત્વદિય
પાદપંકજ
નૌકાવિહાર
શૂરવીર
ઠેર - ઠેર
શબ્દાર્થ
નર્મદા = આનંદ આપનાર નદીનું નામ
ધસમસતી = વેગથી દોડતી
રેવા = કૂદનારી
સ્ત્રોત = છંદો બધ્ધ સ્તુતિ

ત્વદિય = તારા
પાદપંકજ = ચરણ કમળ
નૌકાવિહાર = હોડીમાં બેસીને ફરવું તે.
શૂરવીર = બહાદુર
ઠેર – ઠેર = ઠેકાણે – ઠેકાણે

## સાહિત્ય

નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) નર્મદા નદી કયાં સરોવરમાંથી નીકળે છે?
જ) નર્મદા નદી અમરકંટક સરોવરમાંથી નીકળે છે.
2) નર્મદાનો શો અર્થ થાય છે?
જ) નર્મદાનો અર્થ થાય છે કે આનંદ આપનારી.
3) ગુજરાતમાં નર્મદાએ બનાવેલો બેટ કયાં નામે ઓળખાય છે?
જ) ગુજરાતમાં નર્મદાએ બનાવેલો બેટ કબીરવડનાં નામે ઓળખાય છે.
4) નર્મદા નદી કયાં શહેર પાસે સાગરને મળે છે?
જ) નર્મદા નદી ભરૂચ શહેર પાસે સાગરને મળે છે.

નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો.

1) ' પંખીની પાંખે પ્રવાસ કરવો ' એટલે શું?
જ) ' પંખીની પાંખે પ્રવાસ કરવો ' એટલે – ઉડતા પક્ષીની ઝડપથી પ્રવાસ કરવો.
2) નર્મદા ભારતના કયા બે ભાગ પાડે છે?
જ) નર્મદા ભારતના બે ભાગ પાડે છે – અ) ઉપરનો ભાગ ઉતર ગુજરાત
બ) નીચેનો ભાગ દક્ષિણ ગુજરાત

3) નર્મદાને ' રેવા ' શા માટે કહે છે?

જ) 'રેવા ' એટલે ' કુદનારી ' નર્મદા ક્યાંક એકદમ શાંત છે , તો ક્યાંક દોડતી કૂદતી વહે છે. ક્યાંક એ ધોધ બની જાય છે અને ક્યાંક એ ધીરગંભીર પ્રવાહની જેમ વહે છે તેથી તેને રેવા કહે છે.

વ્યાકરણ

નીચેના શબ્દોની જોડણી સુધારો.

1) નઉકાવિહાર - નૌકાવિહાર
2) શુરવિર - શૂરવિર
3) અણિદાર - અણીદાર
4) આજ્ઞાકિત - આજ્ઞાંકિત
5) જિવાદોરિ - જીવાદોરી

નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

1) પર્વત = પહાડ
2) નજીક = પાસે
3) કિનારો = તટ
4) શિલા = પથ્થર
5) લાભ = ફાયદો
6) જળ = પાણી

નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દ લખો.

1) પૂર્વ પશ્ચિમ
2) સુંદર કદરૂપું
3) ઊંચે નીચે
4) અજવાળું અંધારું
5) લાંબી ટૂંકી
6) સુખ દુ:ખ

નીચેના શબ્દ સમુહ માટે એક શબ્દ આપો.

1) હોડીમાં બેસીને ફરવું તે = નૌકાવિહાર
2) સાંબેલા જેવી જાડી ધાર = મુશળધાર
3) ધનુષ્યનાં જેવું અર્ધગોળાકાર સપ્તરંગી દ્રશ્ય = મેઘધનુષ્ય.
4) નદી કે દરિયા વચ્ચે આવેલો જમીન ભાગ = બેટ
5) લોકોનું ભરણપોષણ કરનાર = લોકમાતા

નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

1) લીલોતરી = આ પ્રદેશ લીલોતરીથી ભરપુર છે.
2) જીવાદોરી = નર્મદા જીવાદોરી છે.
3) બેટ = કબીરવડ મોટો બેટ છે.

નીચેના શબ્દોને શબ્દકોશનાં ક્રમ પ્રામાણે ગોઠવો.

1) સુંદર , સરસ , સૈનિક , સફેદ , સિંચાઇ , સ્નાન.

જ) સફેદ , સરસ , સિંચાઈ , સૈનિક , સુંદર , સ્નાન.

## કાવ્ય – 7 અલ્લક – દલ્લક



અઘરા શબ્દો

અલ્લક-દલ્લક

ઝાંઝર

ઝલ્લક

રઢિયાળો

જમના

મલ્લક

ઝળકે

આભે

ચગ્યો છે

ભેળો

શબ્દાર્થ

| | |
|---|---|
| અલ્લક-દલ્લક | = બાળકોની એક રમત |
| ઝાંઝર | = પગે પહેરવાનુ એક ઘરેણું |
| ઝલ્લક | = ઝળક |
| રઢિયાળો | = મનમોહક |
| જમના | = એક નદી |
| મલ્લક | = પ્રદેશ |
| ઝળકે | = ચમકે |
| આભે | = આકાશે |
| ચગ્યો છે | = જામ્યો છે. |
| ભેળો | = સાથે |

સાહિત્ય

નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) રાધા કોના કરતા સુંદર છે?

જ) રાધા જમુના નદી કરતા સુંદર છે.

2) રાસ ક્યારે રચાયો છે?

જ) રાસ આભમાં પુનમનો ચાંદ ઉગ્યો ત્યારે રચાયો છે.

3) રાસમાં કોણ – કોણ રમે છે?

જ) રાસમાં શ્રી કૃષ્ણ , રાધા અને ગોપીઓ રમે છે.

4) શ્રી કૃષ્ણ ક્યાં બેસીને બંસી વગાડે છે?

જ) શ્રી કૃષ્ણ કદંબના ઝાડા ઉપર બેસીને બંસી વગાડે છે.

5) રાધિકા કોની પાસે શું માંગે છે?

જ) રાધિકા શ્રી કૃષ્ણ પાસે તેમનુ ખોવાયેલું મોતી માંગે છે.

વ્યાકરણ

જોડાક્ષરવાળા શબ્દો કાવ્યમાંથી શોધીને લખો.

1) ઝલ્લક – ઝલ્લક

2) અલ્લક-દલ્લક

3) છમ્મક – છમ્મક

4) પલ્લક-પલ્લક

નીચેના શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો.

1) રાસલીલા , મુંખડું , આભ , રાધાગોરી , રઢિયાળો , રાસ .

જ) આભ , મુંખડું , રઢિયાળો , રાધાગોરી , રાસ , રાસલીલા .